જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૨૨૩૫/૧૮

## કતલના ઇરાદાથી લાવેલ જીવતા પશુઓ(ગૌ વંશને) ને બચાવી લેતી રખિયાલ પોલીસ

અધિક પોલીસ કમિશ્નર શ્રી -સેક્ટર -૨ સાહેબ , તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન – ૫ , અમદાવાદ શહેર તથા મદદનીશ પો.કમિ.શ્રી એચ વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઇસ્પેક્ટર રખિયાલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમા ગેર-કાયદેસર રીતે કતલ કરવા માટે લવાતા ગાય – બળદ , ભેંસ , પાડા વિગેરે ને બચાવી લેવા સારૂ આજરોજ અમો તેમજ પો.સ.ઇ. જે.જે.ગઢવી તેમજ મ.સ.ઇ રશ્મીનભાઇ દિનેશભાઇ બ.નં ૨૧૨ તથા બીજા સ્ટાફના માણસો પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા . દરમ્યાન કલંદરી મસ્જીદ ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો રાજુભાઇ અનવરભાઇ બ.નં-૮૫૩૩નાઓને ખાનગી રાહે બાતમી-હકીકત આધારે પીક અપ ગાડી નં- GJ-06-YY-5866 નો પીછો કરી પકડી પાડેલ અને ગાડીનો ચાલક નાશી ગયેલ જેથી ગાડી માથી મળી આવેલ ગૌ વંશના બળદ નંગ-૦૩ ને ક્રુરતાપુર્વક પગમા તથા ગળાના ભાગે નાના રસ્સાથી (દોરડાથી) બાંધી પાણી તેમજ ઘાસ-ચારો નહી રાખી કતલ કરવાના ઇરાદે નિર્દયતા પુર્વક ગાડીમા ભરી લાવી અમદાવાદ રખિયાલ મોરારજી ચોક ખાતે લાવી પોતાની ગાડી મુકી ભાગી ગયેલ હોય જેમા કુલ્લે રૂ ૩,૭૫,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી તમામ જીવતા બળદ નંગ ૩ ને યોગ્ય સાર-સંભાળ અને ઉછેર માટે આશા ફાઉંડેશન એન્ડ પશુ હોસ્પિટલ હાથીજણ ખાતેની સંસ્થા ખાતે ખાતે મોકલી આપેલ છે અને આ પશુઓ લાવનારા નાસી જનાર ઇશમ વિગેરે વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી નોંધપાત્ર કામગીરી કરેલ છે. તા ૧૫/૧૧/૧૮

## અમરાઇવાડી પોલીસ દ્વારા જુગારની રેડ કરી આઠ ઇસમોને પકડી કરેલ સારી કામગીરી

નાપો.કમિશ્રી ઝોન-૫ સાહેબ નાઓની સુચના મુજબ તથા મ.પો.કમિશ્રી."આઇ" ડીવી.શ્રી તથા પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ દારૂ જુગારની અસામાજીક પ્રવૃતિ બંધ કરાવવાની ડ્રાઇવ રાખેલ હોય આજરોજ તા:-૧૫/૧૧/૨૦૧૮ ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ એમ.એમ.તેજોત તથા પો.સબ.ઇન્સ. ડી.એચ.મકવાણા સાહેબ તેમજ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો. ભાવેશભાઇ ઘેલાભાઇ તથા પો.કો.પિયુશભાઇ કરમશીભાઇ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે ગુલાબનગર ચાર રસ્તા પાસે વડેશ્વર મહાદેવના મંદીર પાસે ખુલ્લામાં જાહેરમા કેટલાક માણસો પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે હાલમા તેઓની જુગાર રમવાની પ્રવુર્તી ચાલુ છે જે હકિકત આધારે રેડ કરતાં (૧) જગદીશભાઇ ઉર્ફે જગો પરષોત્તમભાઇ વોરા ઉ.વ.૪૬ રહે મનસુરીની ચાલી ગુલાબનગર અમરાઇવાડી અમદાવાદ શહેર + ૦૭ નાઓ ભેગા મળી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા અમરાઈવાડી ગુલાબનગર ચાર રસ્તા પાસે વડેશ્વર મહાદેવના મંદીર પાસે ખુલ્લામાં જાહેરમા ગંજી પાના નંગ:-૪૬ તથા રોકડા નાણા રૂપીયા ૬૯૮૦/- તથા મોબાઇલ ફોન નંગ-૪ ની કિ.રૂ. ૧૪૦૦૦/- ના મળી કુલ્લે રૂ.૨૦૯૮૦/- સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

## બાપુનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-ર સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-પ સા. તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો એચ.બી.ચૌધરી પોલીસ ઈન્સપેક્ટર બાપુનગર પો.સ્ટેશનનાઓ પ્રોહી/જુગારની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ. કે.પી.તરેટીયા તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો. ધર્મેન્દ્રસિંહ અમરસિંહ તથા પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકર નાઓની બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) હરેશભાઇ વાલજીભાઇ સોધરવા (વણકર) ઉવ ૪૩ રહે. મ.નં. ડી/૩૯ ફકીર મુખીની ચાલી, બહેરામપુરા અમદાવાદ શહેર + ૧ = ૨ નાઓ તા.૧૫/૧૧/૨૦૧૮ ના ક. ૧૯/૪૫ વાગે "બાપુનગર ૧૩૩ બસ સ્ટેન્ડની સામે આવેલ ખોડીયાર મંદિરની બાજુમાં જાહેરમાં ગોળકુંડાળુ વળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા અંગજડતીના નાણા રૂ.૨૮,૫૧૦/- તથા દાવાના નાણા રૂ.૧૯૭૦/- તથા ચાર મોબાઇલ ફોન કિ.રૂ. ૨૦,૫૦૦/- મળી કુલ્લે રૂ. ૫૦,૯૮૦/- તથા ગંજી પાના નગ ૫૨ કીમત રૂ.00/00 સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય તેઓ વિરુદ્ધ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસર ગુનો દાખલ કરવામાં આવેલ છે

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના હુકમ તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબ નાઓએ મીલક્ત સબંધી બનતા અનડીટેક્ટ ગુન્હા શોધવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝન સા.નાઓની સુચના મુજબ બાપુનગર પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઇન્સ્પેકટર એચ.બી.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ બાપુનગર પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.પી.તરેટીયા તથા પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકર બ.નં. ૬૪૦૨ તથા પો.કો. ધર્મેન્દ્રસિંહ અમરસિંહ બ.નં. ૭૩૬૦ તથા લો.ર.સિધ્ધરાજસિહ મહિપતસિહ બ.ન. ૬૬૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકર તથા લો.ર.સિધ્ધરાજસિહ મહિપતસિહનાઓને સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે બાપુનગર લા.બા.શાસ્ત્રી સ્ટેડીયમ ખોડીયાર માતાના મંદિર સામે જાહેર રોડ ઉપર બે ઇસમો નામે (૧) અર્જુન @ કાલુ રમણભાઇ પટણી ઉવ ૧૯ રહે. નવદુર્ગાની ચાલી, નરનારાયણ કાટાની પાસે, અનિલ સ્ટાર્ચ રોડ, શહેરકોટડા અમદાવાદ શહેર તથા (૨) પુનમ @ શન્ની કાળીદાસ @ કાળાભાઇ પટણી ઉવ ૨૦ રહે. નવદુર્ગાની ચાલી, નરનારાયણ કાટાની પાસે, અનિલ સ્ટાર્ચ રોડ, શહેરકોટડા અમદાવાદ શહેરનાઓને CNG ઓટો રીક્ષા નં GJ-01-CZ-7591 કિ.રૂ. ૪૦,૦૦૦/- સાથે તા.૧૫/૧૧/૨૦૧૮ ના ક. ૨૧/૪૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ હોય જે મળી આવેલ મો.સા. શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૯૫/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ મો.સા. હોય જે મો.સા. કબ્જે કરી રખિયાલ પો.સ્ટે.નો અનડિટેક્ટ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૫/૧૧/૨૦૧૮

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

**(૧)**

## પાસાના આરોપીને ધરપકડ કરતી સરદારનગર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન -૪, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન સાહેબ નાઓ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એન.વીરાણી સાહેબ નાઓની સુચના આધારે રમેશભાઇ રત્નાભાઇ બ.ન. ૯૯૩૬ તથા પો.કો. શક્તિસિંહ લાલુભા બ.નં. ૩૧૨૯ તથા એલ.આર. ગોપાલસિંહ દશરથસિંહ બ.ન.૬૭૧ તથા મધુબેન ભીમાભાઇ બ.ન.૧૮૯૩તથા પો કો સંદિપસિંહ કોદરસિંહ બ ન ૩૫૦૩ નાઓ સાથે હતા દરમ્યાન પો કો સંદિપસિંહ કોદરસિંહ બ ન ૩૫૦૩ નાઓની બાતમી હકીકત આધારે પાસા અટકાયતી નામે અનીલભાઈ રાજેંદ્રકુમાર પંડ્યા ઉવ ૩૨ રહે દેવનંદન સર્કલ સીટી એચ ૧૧૧ નવાનગર ૧૦૮ની સામે નવા નરોડા અ.વાદ સહેર નાઓને પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૯૯૯/૨૦૧૮ થી હુકમ થયેલ હોય જે આધારે આજ રોજ તા. ૧૫/૧૧/૨૦૧૮ જે પાસા અટકાયતી નાઓને હુકમ થયેલ હોય જે આજરોજ પકડાઇ ગયેલ છે. અને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**(૨)**

## પાસાના આરોપીને ધરપકડ કરતી સરદારનગર પોલીસ

મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન -૪, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન સાહેબ નાઓ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એન.વીરાણી સાહેબ નાઓની સુચના આધારે હે કો રમેશભાઈ વીરચંદભાઈ બ ન ૭૭૦૨ તથા પો.કો. મહેંદ્રસિંહ બળવંતસિંહ બ.નં. ૩૬૫૨ તથા પો કો હાવેશભાઈ ખોડાભાઈ બ.ન.૪૯૩૦ નાઓ સાથે હતા દરમ્યાન પો કો મહેંદ્રસિંહ બળવંતસિંહ બ ન ૩૬૫૨ નાઓની બાતમી હકીકત આધારે પાસા અટકાયતી નામે નીરજ સતિશકુમાર ઈંદુલાલ મગીરમલાણી ઉવ ૨૫ રહે ડી/૨૧ આર્યસમાજના મંદીર પાસે રાજ સોસાયટી ની સામે સેજપુર ટાવર પાસે નરોડા અ.વાદ સહેર નાઓને પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૩૫૨/૨૦૧૮ થી તા. ૧૧/૦૫/૨૦૧૮ જે પાસા અટકાયતી નાઓને હુકમ થયેલ હોય જે આધારે આજ રોજ તા ૧૬/૧૧/૨૦૧૮ આજરોજ પકડાઇ ગયેલ છે. અને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**રાણીપ પોલીસ સ્ટેશન :**

**પેટ્રોલીંગ દરમયાન ચોરીએ ગયેલ સી.સી.ટી.વી કેમેરા સાથે આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર ૧ સાહેબ અમદાવાદ શહેર તથા મે.ના.પો.કમિ.સા.શ્રી ઝોનં ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી "એલ" ડીવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રી ઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારુ જરુરી સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડ ના પો.સબ.ઇન્સ પી.આર.બાંગા નાઓ તથા સાથે બીજા સર્વેલન્સ સ્કોડ ના પોલીસ સ્ટાફના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમયાન અ.હે.કો બીપીનકુમાર હરગોવિંદદાસ બનં ૮૦૦૮ તથા પો.કો વસીમખાન ગુલામ મયુદ્દિન બનં ૯૯૮૫ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકિકત આધારે " સુભાષબ્રીજ ચીમનભાઇ પટેલ બ્રીજના નિચે જાહેર માંથી આરોપી <u>અજયભાઇ ઉર્ફ માલીયો સ/ઓ મનજી જાતે ઠાકોર</u> ઉવ.૨૭ રહે.મકાન નંબર ૦૨ રામજી ભાઇની ચાલી વસંત સ્કુલની સામે કેશવનગર સુભાષબ્રીજ અમદાવાદ શહેર નાઓ પાસે થી એક હાઇકવીઝન કંપનીનો સી.સી.ટી.વી કેમેરો સફેદ કલર નો જેની કિ.રુ ૧૫.૦૦૦/-ગણી શકાય તે પંચનામા વિગતે તપાસ અર્થે કબજે કરીને આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૯૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯, મુજબ નો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ઉપરોક્ત આરોપીને પકડી અટક કરી ને કાયદેસર ની કાર્યવાહી કરીને ગુનો ડિટેક કરેલ છે તારીખ ૧૪/૧૧/૨૦૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.